તાપમાન
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૧૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૪૯ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૨૮ ૨૮ ઓક્ટોબર, ૨૦૧૬, શુક્રવાર ; આસો વદ - ૧૩ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



પ્રકાશ પર્વનો પ્રારંભ - દિપાવલી ઉજવણીનો પ્રારંભ ભારે ઉલ્લાસપૂર્વક થઈ રહ્યો છે... ઘરે-ઘરે સમી સાંજે દિપમાળા ગોઠવાય છે... રંગોળી પુરાય છે... તોરણો બંધાય છે... ફટાકડાના અવાજથી દિવાળીનો ઉલ્લાસ અનુભવાય છે... ઉમંગનું પર્વ એટલે દિપાવલી... આવો સાથે મળી પ્રકાશના પર્વે અજવાસ પાથરીએ...

## સરહદે પાકનો ફરી ભીષણ ગોળીબાર

**બીએસએફ જવાન શહીદ : સતત બે દિવસથી ગોળીબારથી સ્થિતિ વણસી : પાકિસ્તાને યુદ્ધ વિરામનો ભંગ કરીને ભારે ગોળીબાર અને મોર્ટાર પણ ઝીંક્યા : ૧૫થી વધુ સરહદી ચોકી અને ૨૯ વસ્તીને ટાર્ગેટ બનાવી ગોળીબાર**

શ્રીનગર,તા. ૨૭

પાકિસ્તાની સેનાએ જમ્મુ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ પર આરએસ પુરા અને અરનિયા સેક્ટરમાં ભીષણ ગોળીબાર જારી રાખ્યો છે. નવેસરથી કરવામાં આવેલા ગોળીબારમાં બીએસએફના એક હેડકોન્સ્ટેબલનું મોત થયું છે. અબ્દુલીયનમાં કરવામાં આવેલા ગોળીબારમાં તેમનું મોત થયું છે. જ્યારે જમ્મુ આરએસપુરા સેકટર અને અરનિયા સેકટરમાં કરવામાં આવેલા ગોળીબારમાં છ નાગરિકોને ઈજા થઈ છે. પાકિસ્તાની સેનાએ ૧૫થી વધારે સરહદી ચોકીઓ અને ૨૯ નાગરિક વસ્તીમાં ગોળીબાર કર્યો હતો. બીએસએફના જવાનોએ જવાબી કાર્યવાહી કરી હતી. જેના કારણે ફરી એક સરહદ પર તંગ સ્થિતી થઈ ગઈ હતી. આરએસ પુરા અને અરનિયા સેક્ટરમાં પોસ્ટ અને ગામોમાં ગોળીબાર કરવામાં આવ્યો હતો. આરએસપુરામાં ખુપરા બસ્તી

● અનુસંધાન પાન-૫ પર




## મિસ્ત્રીએ બોર્ડ સભ્યોનો પણ વિશ્વાસ ગુમાવ્યો હતો : તાતા

**ગ્રુપ સામે આક્ષેપો કરવા બદલ તાતા સન્સની ટીકા : તાતા સન્સ તેમજ હકાલપટ્ટી કરવામાં આવેલા સાયરસ મિસ્ત્રી વચ્ચે આક્ષેપ પ્રતિ આક્ષેપનો દોર યથાવત રીતે જારી**

નવી દિલ્હી,તા. ૨૭

તાતા સન્સે આજે કહ્યું હતું કે હકાલપટ્ટી કરવામાં આવેલા ચેરમેન સાયરસ મિસ્ત્રીએ બોર્ડના સભ્યોનો વિશ્વાસ ગુમાવી દીધો હતો. ગ્રુપ સામે આડેધડ આક્ષેપો કરવા બદલ ટાટા સન્સે આજે સાયરસ મિસ્ત્રીની જોરદાર ઝાટકમી કાઢી હતી. એક યાદી જારી કરીને ટાટા ગ્રુપે કહ્યું છે કે બિનજરૂરી આક્ષેપો કરીને તાતા સન્સની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. તેમના લીક કરવામાં આવેલા ગુપ્ત નિવેદનમાં ગંભીર પ્રકારના આક્ષેપો દેખાઈ રહ્યા છે. આ આક્ષેપો વાસ્તવિક બાબતો અથવા તો વાસ્તવિકતા ઉપર આધારીત નથી. પોતાના વલણને બચાવવા માટે આ પ્રકારના આક્ષેપો કરાઈ રહ્યા છે. તાતા સન્સે કહ્યું છે કે મિસ્ત્રીની અવધિ ઉપર નજર રાખવામાં આવી રહી હતી. ગ્રુપના સભ્યોનો વિશ્વાસ તેઓ ગુમાવી રહ્યા હતા. તાતા સન્સે તેના ચેરમેનને તકો અને પડકારોને પહોંચી વળવા હંમેશા સંપૂર્ણ સ્વાયતત્તા આપેલી છે. તાતા સન્સે તેના ચેરમેનને નિર્ણય લેવાની સત્તા પણ આપેલી છે. જોકે પૂર્વ ચેરમેનની અવધિને લઈને પણ

● અનુસંધાન પાન-૫ પર

### કાશ્મીરમાં તાલિબાન સ્ટાઈલથી શાળાઓને નુકસાન

પાકિસ્તાન અનો અફઘાનિસ્તામાં જે રીતે તાલિબાન દ્વારા સ્કુલોને ટાર્ગેટ બનાવવામાં આવી હતી. તેવી જ રીતે હુમલાઓ કાશ્મીરની સ્કુલો ઉપર પણ હાલમાં કરવામાં આવી રહ્યા છે. તાલિબાન સ્ટાઈલથી સ્કુલોને નુકસાન પહોંચાડવાના પ્રયાસ આતંકવાદીઓ અને અલગતાવાદીઓ કરી રહ્યા છે.










